


ચકીએ પહેરી સાડી
મરઘો પહેરે બૂટ
ઉંદર વહેંચે બાસુંદી
તો થાય લૂંટાલૂંટ!



દેડકાને ઘરે જો હું જાઉં
તો એની સાથે ગાઉં
ડ્રેં! ડ્રોં! ડ્રાંઉં!
ડ્રેં! ડ્રોં! ડ્રાંઉં!
છલબલ વરસાદમાં હું નહાઉં
તોય ના ભીંજાઉં
ડ્રેં! ડ્રોં! ડ્રાંઉં!
ડ્રેં! ડ્રોં! ડ્રાંઉં!



વંડા પરના કાચંડા
શેની તું પાડે છે હા?
રોજ રોજના બદલે રંગ
આવા કેવા તારા ઢંગ?



ગલૂડિયા તું આંખો ખોલ
ઝટપટ મારી સાથે બોલ!
તારી મા કે મારી મા
જોશે તો – રમવાની ના!



બગલો બરફમાં નહાય

તે

ધોળો ધોળો થાય?

ને

કાગડો કોલસા ખાય

તે


કાળો કાળો થાય?



જગુભાઈ જિરાફ
વડનાં પાન કરે સાફ
પાન વચ્ચે ટેટા
જિરાફના બે બેટા.



સાંજ ને સવાર આ લાગ્યું શું વેન
ચાળા પાડ્યા વિના પડે ના ચેન!
ચાલ એના કરતાં રમશું એન ઘેન
ગો–ગો ગૉગલ્સવાળી કાબરબેન?




મહી નદીનો મગર
મારી સામે અગર
જોશે ટગર ટગર
તો
હું કહીશ રામ રામ
મગરજી! તમને સલામ
બોલો, મારું શું છે કામ?



ચકલી તો બસ નહાય ને નહાય
કાબર તો બસ ગાય ને ગાય
મરઘી તો બસ ખાય ને ખાય
મમ્મી તો બહાર જાય ને જાય!




મોતિયાભાઈ, લે, તૂ તૂ!
સાંજે લઈ જઈશ જુહૂ
બાનાં કપડાં ફાડીશ નહિ
બાબાને જગાડીશ નહિ.




એક હતી કીડી
એને જડી સીડી
સીડી થાય ડગમગ
કીડી ચાલે ટગમગ




ખા ખા કરતી ખિસકોલીને
ફોટાનો બહુ શોખ
વારે વારે સામું જુએ
વાંકી કરે ડોક!



ખાંડનો દાણો
ગોળ વટાણો
કાગડો કાણો
ખાઈ ગયો! ખાઈ ગયો!
છાનો માનો
બાનો નાનો
બબલુ શાણો
જોઈ ગયો! જોઈ ગયો!



લીમડાની ઈયળનો રૂપેરી તાર
ઝૂલો ચગે જાણે સરકસનો
સવાર!




મંકોડાની માશી
નાહવા ચાલી કાશી
કેડે મોટો લોટો
હાથમાં છે સોટો

અડધે રસ્તે મળ્યો મોર
માશી જાણે હશે ચોર
દડબડ દડબડ દોડ્યાં
દોરી લોટો ખોયાં!



કાશીમાં લોકોની ભીડ
જોઈ માશીને ચડી ચીડ
દર્શન કીધું વરત લીધું
ડૂબકું એક મારી દીધું


ઓહો! માશી ઘેર આવ્યાં
પોટલીમાં કંઈ લાવ્યાં
સૌને પરસાદ દીધો
તમે કેમ ના લીધો?



એક હતો આરબ
એનો એક તંબુ
એની પાસે માટીનો
મોટો હતો ચંબુ
સાંઢણીના દૂધનો
આપી મને માવો
આરબ બેઠો બેઠો
જો ને પીએ કાવો.



ભાઈ બબામિયાં
ચાલ્યા છો ક્યાં?
કોળાનાં બિયાં
જ્યાં મળે ત્યાં!



મરઘીને બે પાંખ છે
તોયે ઊડે નહિ!
બટાટાને આંખ છે
તોયે જુએ નહિ!



કનુનો બૉલ છૂટ્યો
દાંત મારો તૂટ્યો!
છાપરા ઉપર નાખી દાંત
ખાધાં મેં તો દૂધ ને ભાત!